F

ક્રમાંક એસ/૨૦૦૮/૯૨૦/(૨)/પાર્ટ-૨/ક.૩
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
બ્લોક નં. ૯, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૬-૮-૨૦૧૨

વિષયઃ અછતગ્રસ્ત વિસ્તારોમાં તળાવો ઉંડા ઉતારવા તથા ડીસીલ્ટીંગની કામગીરી કરવા બાબત.

રાજ્યમાં ચાલુ સાલે ચોમાસામાં વરસાદ ખેંચાતા રાજયમાં દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ મુખ્યત્વે સૌરાષ્ટ્ર, કચ્છ, બનાસકાંઠા, પાટણ વગેરે જિલ્લાઓમાં ઉદભવેલી છે અને આ વિસ્તારના જિલ્લા અને તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારોમાં આવેલ તળાવોને ઉંડા ઉતારવાની અને ડીસીલ્ટીંગ કરવાની કામગીરી મહત્તમરીતે હાથ ધરી શકાય તે પ્રકારનું આયોજન કરવા માટે સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે પ્રમાણેની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) તળાવોને ઉંડા ઉતારવાની અને ડીસીલ્ટીંગ કરવાની કાર્યવાહી એમ.જી. નરેગા યોજના દ્વારા તાત્કાલિક હાથ ધરવાની રહેશે અને તેવા કામોને કરવા માટે જિલ્લા કક્ષાએ જરૂરી મંજૂરી મેળવી/ગ્રામ સભાની મંજૂરી મેળવીને અને તેવા કામોને લેબર બજેટમાં દાખલ કરવાની કામગીરી હાથ ધરવાની રહેશે. અને કામગીરી તાત્કાલિક શરૂ થાય તે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે. એમ.જી.નરેગા યોજના તળે તળાવો ઉંડા ઉતારવાની કામગીરીમાં લોકફાળો લેવાનો રહેશે નહીં.

(૨) જે તળાવોના કામો ૩૧મી મે અથવા ૩૦ જૂન ૨૦૧૨ સુધી પ્રગતિમાં હતા અને તે કામો જો પૂર્ણ થયેલ ન હોય તો તે કામો તે જ એજન્સી પાસે પુનઃ ચાલુ કરાવી તે તળાવોના કામો પૂર્ણ કરાવવાના રહેશે અને તેના માપો દર અઠવાડિયે રેકર્ડ કરવાના રહેશે.

(૩) જે કામો મંજૂર થયેલા છે અને હાથ ઉપર લઈ શકાયેલ નથી તેવા તળાવોના કામો, ટેન્ડરો દ્વારા દસ (૧૦) દિવસની ટૂંકી જાહેર નિવિદાથી બહાર પાડી સત્વરે તે ટેન્ડરોની મંજૂરીની પ્રકિયા પૂર્ણ કરી તાત્કાલિક કામો હાથ ધરવાના રહેશે.

( ડી. એચ. જોષી )
ઉપ સચિવ (ઉ.ગુ.)
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ

નકલ પ્રતિ,
અગ્ર સચિવશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
અંગત સચિવશ્રી, માનનીય મંત્રીશ્રી (જ.સં.) નું કાર્યાલય, ગાંધીનગર.
અંગત સચિવશ્રી, સચિવશ્રી (જ.સં.) નું કાર્યાલય, ગાંધીનગર.
મુ.ઈ. અને અ.સ.શ્રી (સઘળા), ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર.
અધીક્ષક ઈજનેરશ્રી (સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત)
કલેકટરશ્રી (સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત)
જિલ્લા વિકાસ અધિકારીશ્રી (સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત)
વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જમીન વિકાસ નિગમ, ગાંધીનગર.